# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-03-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## બોર્ડ પરીક્ષા પેપર ચકાસણી:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ હવે પરિણામ તૈયાર કરવાની કવાયત શરૂ થઈ છે. કચ્છ જિલ્લાના ભુજ, માનકુવા, માધાપર, અંજાર અને ગાંધીધામ સહિતના 14 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર અંદાજે 3 લાખ ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

19 માર્ચથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં જિલ્લાના અંદાજે 1300 જેટલા અનુભવી શિક્ષકો જોડાયા છે. સમગ્ર કામગીરી પારદર્શક રહે તે માટે તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની ચુસ્ત દેખરેખ રાખવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારના માર્ગદર્શન હેઠળ આગામી 10 દિવસમાં આ કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે કચ્છના 44 હજાર વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. મૂલ્યાંકન બાદ ડેટા એન્ટ્રી કરી સમયસર પરિણામ જાહેર કરવામાં આવશે.

**------------------------------------------------------------------------------------------------**

## મસ્કા ગામે- દીપડો:

માંડવી તાલુકાના મસ્કા ગામમાં આવેલા ક્રાંતિતીર્થ સ્મારક ખાતે આજે સવારે ધોળા દિવસે દીપડો ફરતો જોવા મળતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો છે. આ વિસ્તારમાં સંભવતઃ પહેલીવાર દીપડો દેખાયો હોવાનું જાણવા મળ્યું છે, જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ મસ્કા ગામના સરપંચ કીર્તિ ગોર દ્વારા ગ્રામજનોને સાવધ રહેવા અને સુરક્ષા જાળવવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ બાબતે વન વિભાગને જાણ કરતા સ્થળ પર પહોંચી વન વિભાગની ટીમે નિરીક્ષણ કર્યું હતું અને દિપડાને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

---

## યુટીટી 87મી ઇન્ટર સ્ટેટ સબ-જુનિયર અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ:

કચ્છની ધરતી પર આવતીકાલથી રમતગમતનો ભવ્ય નઝારો જોવા મળશે. આદિપુરના હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 23 થી 31 માર્ચ દરમિયાન ‘યુટીટી 87મી ઇન્ટર સ્ટેટ સબ-જુનિયર અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2025’નું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના કૌશલ સાંગતાણીના જણાવ્યા અનુસાર, આ 8 દિવસીય ટુર્નામેન્ટમાં દેશના 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 1600 જેટલા ખેલાડીઓ ભાગ લેશે. સ્પર્ધામાં અંડર-11, 13 અને 15 વયજૂથમાં સિંગલ્સ, ડબલ્સ અને ટીમ ઇવેન્ટ્સ મળી કુલ 13 કેટેગરીમાં રમત રમાશે.

આ મેગા ઇવેન્ટની કુલ ઇનામી રકમ 5 લાખ 11 હજાર 200 રૂપિયા રાખવામાં આવી છે. ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાના નેજા હેઠળ યોજાનારી આ ટુર્નામેન્ટ આગામી પેઢીના સ્ટાર ખેલાડીઓને ઓળખવા માટે મહત્ત્વનું પ્લેટફોર્મ પૂરું પાડશે.

---

## આયુષ મેળો:

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામક આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ દ્વારા હોસ્પિટલ ખાતે આયુષ મેળો યોજાયો હતો.

આ મેળામાં આયુર્વેદ, હોમિયોપેથી અને યોગ નિર્દેશન,આંગણવાડી બહેનો દ્વારા પોષક વાનગી હરીફાઈ, ઓષધિ વનસ્પતિ પ્રદર્શન તથા લાઇવ અગ્નિકર્મ-પંચકર્મ, રક્તમોક્ષણનું પ્રદર્શન કરાયું હતુ. આરોગ્ય વિભાગના સહયોગથી હિમોગ્લોબીન તથા ડાયાબિટીસની તપાસ ઉપરાંત એઇડ્સ, કેન્સર અને ટીબી જેવા રોગની જાગૃતતા અંગે કામગીરી કરવામાં આવી હતી.

---

## સેવાસેતુ કાર્યક્રમ-નખત્રાણા:

નખત્રાણા તાલુકાનાં મથલ ગામે પાયાની સુવિધાઓ વિશે જાણકારી તથા માર્ગદર્શન આપવા માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારના માધ્યમથી લોકહિત માટે થતા વિકાસકામોમાં તંત્ર અને લોકભાગીદારીથી કામો વધુ સફળ થાય છે. આ કાર્યક્રમમાં પ્રત્યેક વિકાસકામો ગુણવત્તાપૂર્વકના થાય તે માટે સ્થાનિક અગ્રણીઓ તથા લોકજાગૃતિની આવશ્યક્તા ઉપર ભાર મૂકાયો હતો. ઉપરાંત વિકાસકામોની વિવિધ યોજનાઓનું સ્થળ પર કામગીરી પૂર્ણ કરવાનો હેતુ સમજાવાયો હતો.આ કાર્યક્રમમાં મથલ, ટોડિયા, ખાંભલા, કાંદિયાના અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

---

# શિક્ષકોની ખાસ ભરતી:

જિલ્લામાં રહેલી શિક્ષકોની ઘટને પુરી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ‘ખાસ ભરતી’ અંતર્ગત નિમણુક પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. અગાઉ જાહેર કરાયેલી 4,100 શિક્ષકોની ભરતી બાદ, રાજીનામા અને અન્ય કારણોસર ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે હવે પ્રતીક્ષા યાદી જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત આગામી 25મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી અને જિલ્લા સ્થળ પસંદગીનો કાર્યક્રમ યોજાશે. રાજ્ય સરકારે કચ્છ માટે ખાસ કિસ્સામાં કુલ 4,100 જગ્યાઓ મંજૂર કરી હતી. જેમાં ધોરણ 1 થી 5માં 2,500 શિક્ષકો અને ધોરણ 6 થી 8માં 1,600 શિક્ષકોની ભરતી જાહેર કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------------

# વિધાનસભા પ્રશ્નોત્તરી:

વિધાનસભાના ચાલુ સત્રમાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા પુલ બનાવવા, સિંચાઇ યોજના અમલીકરણ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટે જમીન ફાળવવા મંજૂર કરાયેલી અરજી સહિતના વિકાસલક્ષી પ્રશ્નો કરાયા હતા. શ્રી જાડેજા દ્વારા કરાયેલા આ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં છેલ્લા બે વર્ષમાં નારાણપર-વિંઝાણ તથા બારા-તેરા વચ્ચે નદી પર પુલ બનાવવા રાજ્ય સરકારની દરખાસ્ત બાદ કુલ્લ ચાર પૈકી બે કામ મંજૂર કરાયાં હોવાનું નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાના સિંચાઇથી વંચિત ગામો માટે ખર્ચની કામગીરી ડિસેમ્બર-26 સુધી પૂર્ણ કરવાના આયોજન વિશે જણાવાયું હતું

---------------------------------------------------------------------------------------------------------

## હવામાન:

આગામી બે દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં **2** થી **3** ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગરમીમાં ધીમે ધીમે વધારો થઈ શકે છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

---